જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩ /૦૪ / ૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૬૪૦/૧૮**

કારંજ પોલીસ સ્ટેશન :

પ્રેસ નોટ

અમદાવાદ શહેર વિસ્તારમાંથી વાહનચાલકોને થોભાવી વાતચીત કરી નજર ચુકવી મોબાઇલ ચોરી કરતા ઇસમને પકડી પાડતી કારંજ પો.સ્ટે.ની સર્વેલન્સ સ્કોર્ડ ટીમ

નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તથા આસી પોલીસ કમીશ્નર શ્રી સી ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા શહેર વિસ્તારમા બનતા મિલકત વિરુધ્ધના ગુનાઓ બનતા અટકાવવા આપેલ સુચના અન્વયે પો.ઈન્સ શ્રી એફ.એમ.નાયબ કારંજ પોલીસ સ્ટેશનનાઓની આધારે અમો પો.સ.ઈ એસ.જે.ચાવડા તથા સર્વેલંસ સ્કોડના માણસો સાથે તા.૦૨/૦૪/૨૦૧૮ ના રાત્રીના પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કો ભાગ્યદીપ મહેશકુમાર બ.નં.૮૫૨૨ તથા પો.કો રાજેન્દ્રકુમાર કાંતીલાલ બ.નં.૧૧૮૪૧ નાઓને બાતમી મળેલ કે એક ઈસમ જેનુ નામ અલ્તમસખાન ઉર્ફે શુટર અશરફખાન પઠાણ ઉ.વ.૨૦ રહે.જુહાપુરા અમદાવાદનાઓ પાસે એક ચોરીનો ફોન છે જે બાતમી હકીકત આધારે સદર ઈસમની વોચમા હતા દરમ્યાન સદર ઈસમ સરદારબાગ ખાતે બાકડા ઉપર મળી આવતા અને સદરીની અંગઝડતી કરતા તેની પાસેથી એક સેમસંગ કંપનીનો J-2 મોડલનો ગોલ્ડન કલરનો જેની કિં.રુ.૫૦૦૦/- મળી આવેલ જેમા કારંજ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૩૫/૧૮ ના કામે મુદ્દામાલ રિકવર કરી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે હાલમા અન્ય ગુનાઓ ડીટેક્ટ થાય તેની વધુ તપાસ ચાલુ છે.

<u>સુરક્ષા સેતુ રથ:</u>

"એફ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "એફ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.